દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૭ એપ્રિલ, ૨૦૨૬

# સીસીટીવી વડે ભારતીય સેના પર જાસૂસી: એક ભયાનક ષડયંત્ર

હાલમાં પાકિસ્તાન સાથે સીધો સંબંધ ધરાવતા એક જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે. આ નેટવર્ક દ્વારા સરહદ પાર બેઠેલા હેન્ડલર્સ ઉત્તર ભારતના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ સ્થળો પર લગાવવામાં આવેલા સોલર-સંચાલિત CCTV કેમેરાના છૂપા ગ્રીડ દ્વારા ભારતીય સેનાના જવાનોની હિલચાલ પર રિયલ-ટાઇમ દેખરેખ રાખતા હતા, એટલે કે જે સમયે લશ્કરી ટુકડીઓ વગેરેની જે ગતિવિધિ ચાલતી હોય બરાબર તે જ સમયે તે હિલચાલ પર પાકિસ્તાનમાંથી નજર રાખવામાં આવતી હતી. આ સીસીટીવીને કારણે શક્ય બન્યું છે. સીસીટીવી ટેકનોલોજીના અનેક લાભો છે પરંતુ તેના કેટલાક ભયસ્થાનો પણ છે જે આપણે અગાઉ અહીં જોઇ ગયા છીએ. આ સીસીટીવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને પાકિસ્તાને દેશના કેટલાક ગદ્દાર યુવાનોને હાથ પર લઇને ભારતીય સેના પર જાસૂસી કરવાનું ષડયંત્ર ગોઠવ્યું હતું જે હાલ તો પકડાઇ ગયું છે.

આ મોનિટરિંગ નેટવર્ક પંજાબના કપૂરથલા, જલંધર, પઠાણકોટ, પટિયાલા અને મોગા; હરિયાણાના અંબાલા; જમ્મુ-કાશ્મીરના કઠુઆ; અને રાજસ્થાનના બીકાનેર અને અલવર જેવા લશ્કરી દૃષ્ટિએ મહત્વના શહેરોમાં ફેલાયેલું હતું. આ તમામ સ્થળો આર્મી કેન્ટોનમેન્ટની હાજરી, આંતરરાષ્ટ્રીય સરહદની નિકટતા અને સૈન્ય હિલચાલ તથા લોજિસ્ટિક્સ કોરિડોર તરીકેની તેમની ભૂમિકાને કારણે અત્યંત મહત્વના છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેમેરા જાણી જોઈને સૈન્ય સંસ્થાઓ, સૈનિકોની અવરજવર માટે વપરાતા હાઈવે અને સરહદ સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રવૃત્તિઓ ઝડપવા માટે ગોઠવવામાં આવ્યા હતા. આ ઓપરેશનની સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ ઉપકરણો સીધું જીવંત પ્રસારણ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સને મોકલી રહ્યા હતા, જે તેમને સરહદ પાર બેસીને ભારતીય સેનાની હિલચાલને રિયલ-ટાઇમમાં જોવાની સુવિધા આપતા હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા એક ઓપરેશનમાં આ મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં જાસૂસી, શસ્ત્રોની દાણચોરી અને રેકી પ્રવૃત્તિઓમાં સામેલ 11 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓની ઓળખ પંજાબના તરનતારનના રહેવાસી મનપ્રીત સિંહ; ફિરોઝપુરના અનમોલ અને સાહિલ; દિલ્હીના અતુલ રાઠી, રોહિત અને અજય; કપૂરથલાના ગુરજીત; ફાઝિલ્કાના રિમ્પલદીપ; સલવિંદર ઉર્ફે કાલુ અને બુટા સિંહ; અને મોગાના હરપ્રીત તરીકે થઈ છે. જાણવા મળે છે કે આ નેટવર્ક પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થાની સૂચના હેઠળ કાર્યરત હતું, જેમાં ગ્રાઉન્ડ પરના ઓપરેટિવ્સને સર્વેલન્સ સાધનો સ્થાપિત કરવા અને લશ્કરી ગતિવિધિની સંવેદનશીલ માહિતી પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સોલર-સંચાલિત CCTV કેમેરાના ઉપયોગથી અંતરિયાળ અથવા ઓછા પ્રવેશ ધરાવતા વિસ્તારોમાં પણ અવિરત દેખરેખ સુનિશ્ચિત થઈ હતી, જેનાથી તેમની ભાળ મેળવવી મુશ્કેલ બની હતી અને નેટવર્ક પરંપરાગત પાવર સ્ત્રોતો પર નિર્ભર રહ્યા વગર સતત કાર્ય કરી શકતું હતું.

એમ જાણવા મળે છે કે કેમેરામાં નકલી ઓળખનો ઉપયોગ કરીને મેળવેલા સિમ કાર્ડ ફીટ કરવામાં આવ્યા હતા અને તેને મોબાઈલ એપ્લિકેશન સાથે લિંક કરવામાં આવ્યા હતા, જેનાથી સરહદ પાર ફૂટેજનું સીમલેસ રિયલ-ટાઇમ ટ્રાન્સમિશન શક્ય બન્યું હતું. પોલીસે જણાવ્યું કે આરોપીઓએ ઉપકરણો લગાવતા પહેલા વિગતવાર રેકી કરી હતી, જેમાં આર્મી કેન્ટોનમેન્ટ, સરહદી રસ્તાઓ અને સુરક્ષા દળોના અવરજવરના માર્ગો સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા પોઈન્ટ્સની કાળજીપૂર્વક પસંદગી કરી હતી. ત્યારબાદ આ ફૂટેજનું પાકિસ્તાનમાં હેન્ડલર્સ દ્વારા વિશ્લેષણ કરવામાં આવતું હતું જેથી પેટર્ન નક્કી કરી શકાય, નબળાઈઓનું મૂલ્યાંકન કરી શકાય અને સંભવિત ભાવિ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય. અહીં એ પણ પ્રશ્ન થાય છે કે લશ્કરની અવરજવરવાળા વિસ્તારોમાં આ યુવાનો પોતાના ખાનગી સીસીટીવી કેમેરા ગોઠવવામાં સફળ રહ્યા કઇ રીતે? તેમને કોઇએ આ ઇન્સ્ટોલેશન કરતા જોયા જ નહીં? કોઇને તેમની હિલચાલ પર શંકા ગઇ જ નહીં? મ્યુનિસિપલ કે પોલીસ તંત્રનું ધ્યાન નવા ગોઠવાયેલા સીસીટીવી કેમેરાઓ તરફ ગયું જ નહીં? એક અધિકારીએ જણાવ્યું કે હેતુ માત્ર દેખરેખનો નહોતો પરંતુ સમય જતાં સંરક્ષણની હિલચાલની પેટર્નનું વ્યૂહાત્મક મોનિટરિંગ કરવાનો હતો. તેમણે ઉમેર્યું હતું કે આવા ઇનપુટ્સનો ઉપયોગ આતંકવાદી હુમલાઓનું આયોજન કરવા અથવા સરહદ પારના ઓપરેશન્સની સુવિધા માટે થઈ શક્યો હોત. પંજાબનો મુખ્ય આરોપી મનપ્રીત સિંહ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ સાથે સીધા સંપર્કમાં હોવાનું જણાયું હતું અને તેણે સંવાદ સંકલન કરવામાં અને ગેરકાયદેસર શસ્ત્રોની હિલચાલમાં કેન્દ્રીય ભૂમિકા ભજવી હતી. અન્ય આરોપીઓ, જેમાં ફિલ્ડ ઓપરેટિવ્સનો સમાવેશ થાય છે, તેઓ ભૌતિક રીતે કેમેરા સ્થાપિત કરવા અને ગ્રાઉન્ડ પર નેટવર્ક જાળવવા માટે જવાબદાર હતા તેમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આ ધરપકડથી સંભવિત મોટો સુરક્ષા ખતરો ટળ્યો છે, કારણ કે ઇનપુટ્સ સૂચવે છે કે આ મોડ્યુલ વિસ્ફોટકો અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરીને સુરક્ષા સંસ્થાઓને નિશાન બનાવવાની યોજનાઓ પણ શોધી રહ્યું હતું. જાસૂસી સાથે શસ્ત્રોની હેરાફેરી અને આતંકવાદી આયોજનનું જોડાણ બહારના તત્વો દ્વારા સમર્થિત મોટા અને સુવ્યવસ્થિત કાવતરા તરફ નિર્દેશ કરે છે. સુરક્ષા એજન્સીઓ હવે વધુ લિંક્સ, હેન્ડલર્સ અને સ્લીપર સેલ્સ ઓળખવા માટે મોબાઈલ ફોન અને CCTV સિસ્ટમમાંથી મેળવેલા ડેટા સહિતના ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કરી રહી છે. તપાસ ચાલુ છે, અને અધિકારીઓએ આગામી દિવસોમાં વધુ ધરપકડો થવાની શક્યતા નકારી નથી. હાલ તો આ જાસૂસી નેટવર્ક પકડાઇ ગયું છે અને દેશના કેટલાક ટેકનોલોજીમાં માહેર પરંતુ ગદ્દાર યુવાનો પકડાઇ ગયા છે પરંતુ તે સાથે જ દેશના તંત્રોની નિષ્ક્રિયતા અને બેદરકારી પણ છતી થઇ ગઇ છે. શત્રુના કાવતરાઓ નિષ્ફળ બનાવવા પળેપળની સાવધાની જરૂરી છે.

## આપ બડે અચ્છે હો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પ્રિયંકા અને રોહને પ્રેમ લગ્ન કર્યા, પ્રિયંકા મારવાડી અને રોહન ગુજરાતી કોલેજમાં મળ્યા અને પ્રેમ થયો. રોહને ઘરે વાત કરી અને ગુજરાતીઓ તો મોર્ડન તરત તેમના પ્રેમને મંજૂરી આપી દીધી અને વાળી રોહનના મમ્મી અને પપ્પાએ પ્રિયંકાના ઘરે જઈને તેના પપ્પા અને મોટા કાકાને પણ મનાવી લીધા અને બાળકો ભણી લે પછી લગ્ન કરશું તેમ નક્કી થઈ ગયું. પ્રિયંકા થોડું થોડું ગુજરાતી બોલતા શીખવા લાગી અને રોહનના મમ્મીએ કહ્યું, ‘ચિંતા નહીં કરતી હું તને બધું શીખવાડી દઈશ.’ પ્રિયંકાએ કહ્યું, ‘મમ્મી આપ બડે અચ્છે હો!’ કોલેજ પૂરી થઈ બંને એમબીએ થઈ ગયા અને સારી પ્લેસમેન્ટ મેળવવા ઈન્ટરવ્યુ શરુ થયા મારવાડી પિતાએ કહ્યું, ‘તારા સાસુ સસરા હા પાડે તો જ નોકરી કરજે અને ઈન્ટરવ્યુ આપવા જજે.’ રોહનના પપ્પા તરત બોલ્યા, ‘કેમ રોહનને એમબીએની ડીગ્રી પછી સારી પ્લેસમેન્ટ મળવી જોઈએ તો પ્રિયંકાને કેમ નહીં તે પણ એટલું જ ભણી છે.’ પ્રિયંકા ખુશ થઈ અને કહ્યું, ‘પપ્પાજી આપ બડે અચ્છે હો!’ બંનેની સારી પ્લેસમેન્ટ મળી ગઈ, છ મહિના બાદ લગ્ન થઈ ગયા.સાસરે પ્રિયંકા આવી હવે તેના મનમાં ટેન્શન હતું કે સસરાની વહુ તરીકેની જવાબદારી અને જોબ બંને કઈ રીતે સંભાળશે. પણ જેઠાણીએ કહ્યું, ‘તું કોઈ ટેન્શન નહીં કરતી મહારાજ અને નોકર તો છે જ અને બાકી બધું હું સંભાળી લઈશ. તને કઈ જોઈતું હોય તો કહેજે.’ પ્રિયંકા બોલી, ‘થેન્કયુ ભાભી આપ બડે અચ્છે હો!’ સવારે મહારાજે બધાની ચા અને પ્રિયંકાનું દૂધ તૈયાર કરી કહ્યું, ‘નાની ભાભી મને ખબર છે તમે ચા-કોફી નહીં પણ દૂધ લો છો આ લો તમારૂ દૂધ રેડી છે.’ પ્રિયંકા બોલી, ‘થેન્કયુ આપ બડે અચ્છે હો!’ નોકરે તેનું પર્સ અને ટીફીન કારમાં મૂકી દીધું પ્રિયંકાએ તેને પણ કહ્યું ‘થેન્કયુ આપ બડે અચ્છે હો!’ પ્રિયંકા થોડા દિવસમાં જ સાસરામાં બધાની પ્રિય થઈ ગઈ.તે બધા સાથે પ્રેમથી વાત કરતી, આવડે તેવું ગુજરાતી બોલતી, સાસુ પાસેથી ગુજરાતી વાનગીઓ શીખતી, જેઠાણીને ઓફિસેથી આવી મદદ કરતી...જે પણ સગાસબંધીઓ આવે બધાના માન જાળવતી અને દરેકની નાની નાની વાતને વખાણતા જરૂર કહેતી ‘આપ બડે અચ્છે હો!’ આ એક નાનકડું વાક્ય બધાને સાંભળવું ગમતું, આ વાક્યમાં અજબ તાકાત હતી કોઈકની ખૂબીના વખાણ કરવા,આભાર માનવો, સાચી પ્રસંશા કરવી સાથે સાથે આ વાક્ય દર્શાવે છે જે હું જ સૌથી સારી છું તેવી દરેકની માન્યતા હોય છે તેને છોડીને સામેવાળું વ્યક્તિ આપણાથી વધુ સારું અને ચઢિયાતું છે તેનો નમ્ર સ્વીકાર કરવો. બધાને પોતાનાથી વધારે સારા અને ચઢીયાતા કહેવાની પ્રિયંકાની ખાસિયત દરેકને ગમતી બધા તેના વખાણ કરતા. હંમેશા જે કઈ સારું જુઓ અને મેળવો તો તે આપનારને ચોક્કસ કહેજો ‘થેન્કયુ આપ બડે અચ્છે હો!’

# નારીશક્તિ-વંદન અધિનિયમ: રાજકીય સંકલ્પ કે ચૂંટણી વ્યૂહરચના?

### કહેવાની વાત

**નેહા શાહ**

**આ કાયદા પાછળનો ઈતિહાસ ત્રણ વર્ષનો નહિ પણ ત્રણ દાયકા જેટલો લાંબો છે**

મહિલા આરક્ષણના નામે ૧૬ મી એપ્રિલથી સંસદની વિશેષ બેઠક બોલાવાઈ છે, જેની ચર્ચા થવાની છે તે ત્રણ મહત્ત્વપૂર્ણ ખરડાના ડ્રાફ્ટ ૧૪મી એપ્રિલના રોજ સંસદસભ્યોને મોકલાયા. યોગાનુયોગ આ દિવસ આંબેડકર જયંતી પણ હતી. ભારતના બંધારણના મુખ્ય શિલ્પી તરીકે, આંબેડકર માટે રાજકીય સમાનતા માત્ર મતાધિકાર પૂરતી સીમિત નહોતી. તેઓ માનતા હતા કે ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં વિવિધ સામાજિક અને પ્રાદેશિક જૂથોનું યોગ્ય પ્રતિનિધિત્વ થવું જોઈએ, જે માત્ર એમના સંખ્યાબળથી નક્કી થઈ ના શકે. આંબેડકર ન્યાયસંગત પરામર્શને પણ એક અગત્યની પ્રક્રિયા માનતા હતા, જે માટે સંસદીય ચર્ચા અને નાગરિક સમાજની ભાગીદારી આવશ્યક છે. પણ, નારીશક્તિ-વંદનામાં સુધારા માટે અત્યંત ટૂંકી નોટિસમાં બોલાવાયેલી બેઠક, 48 કલાકથી પણ ઓછા સમય પહેલાં થયેલી ખરડાના ડ્રાફ્ટની વહેંચણી અને મહત્ત્વનાં રાજ્યોમાં ચાલી રહેલી ચૂંટણીની વચ્ચે ઊભો કરાયેલો અવસર એની બંધારણીય નૈતિકતા સામે પ્રશ્નો ઊભા કરે છે.

આ કાયદા પાછળનો ઈતિહાસ ત્રણ વર્ષનો નહિ પણ ત્રણ દાયકા જેટલો લાંબો છે. ૧૯૯૦ના દાયકાથી આ મુદ્દે ચર્ચા ચાલે છે. ગામ અને તાલુકા સ્તરે પંચાયતમાં મહિલાઓને અનામત મળ્યા પછી, ઘણી મહિલાઓ નેતૃત્વમાં આવી. એ જોઈને દેશભરમાં માંગ ઊઠી કે સંસદ અને વિધાનસભામાં પણ મહિલાઓને સમાન તક મળવી જોઈએ. વર્તમાન લોકસભામાં પણ મહિલા પ્રતિનિધિનું પ્રમાણ માત્ર ૧૩.૭ ટકા જ છે. મહિલાઓને રાજકારણમાં આગળ આવવામાં સામાજિક માન્યતાઓ, પૈસાની તંગી અને પક્ષોમાં ટિકિટ મેળવવાની મુશ્કેલી - જેવી ઘણી અડચણોનો સામનો કરવો પડે છે, જેનો ઉપાય અનામતની વ્યવસ્થામાં મેળવી શકાય એવી વ્યાપક સમજ ઊભી થઈ. પરંતુ રાજકીય મતભેદોને કારણે આ બિલ વર્ષો સુધી અટકતું રહ્યું. ઘણી અડચણો અને વિલંબ પછી ૨૦૨૩માં કાયદો બન્યો. એનો અમલ ૨૦૨૯થી, નવી વસતીગણતરી આધારે ક્વોટા નક્કી થાય એ પ્રમાણે કરવાનું નક્કી થયું. લૈંગિક સમાનતાની પ્રક્રિયામાં છ વર્ષ જેટલો લાંબો વિલંબ શા માટે એ ચર્ચા તો ત્યારે પણ હતી. તત્કાલીન સંસદની રચના પ્રમાણે ૩૩ ટકા આરક્ષણ આપવાનું સૂચન પણ થયું હતું. પણ, બહુમતી સરકારે એ ચર્ચા લાંબી ના ચલાવી અને વાત ત્યાં જ સર્વસ્વીકૃતિએ સ્થિર થઈ. જોવાનું એ છે કે મહિલા અધિકારોની વાતો કરતાં એક પણ રાજકીય પક્ષે, ૨૦૨૩ પછી થયેલી કોઈ પણ ચૂંટણીમાં ૩૩ ટકા તો શું, એનાથી અડધી ટિકિટ પણ મહિલા ઉમેદવારને નથી આપી -૨૦૨૪ની સંસદીય ચૂંટણીમાં ભાજપે ૧૫ ટકા ને કોન્ગ્રેસે ૧૩.૭ ટકા મહિલા ઉમેદવારને ટિકિટ આપી. જો મહિલા સશક્તિકરણ પ્રત્યે સાચી પ્રતિબદ્ધતા હોત તો સ્વૈચ્છિક રીતે મહિલાઓને વધુ ટિકિટ અપાઈ હોત.

જો, મહિલા હિતની જ ચિંતા હોત તો એ તો સંસદના વર્તમાન ઢાંચામાં પણ ૩૩ ટકા આરક્ષણ લાગુ કરી શકાય - જે દલીલ ૨૦૨૩માં થઈ જ હતી. એ માટે મતદાન વિસ્તારનું નવેસરથી સીમાંકન કરવાના પ્રસ્તાવની કયાં જરૂર છે? એ માટે સંસદનું ખાસ સેશન તાત્કાલિક ધોરણે બોલાવવાનું શું કારણ? આ સવાલ ઊઠવો વાજબી છે કારણ કે, પ્રસ્તાવિત બદલાવનાં વ્યાપક પરિણામો થઈ શકે છે. સીમાંકનની પ્રસ્તાવિત પ્રક્રિયામાં 2011ની વસતીગણતરીને આધાર બનાવાયો છે અને રાજ્યોની વસતી આધારિત જ પ્રતિનિધિત્વ નક્કી થશે. પરિણામે જેમણે વસતી નિયંત્રણમાં વધુ સફળતા મેળવી છે તેવાં દક્ષિણનાં રાજ્યોને પ્રમાણમાં ઓછું પ્રતિનિધિત્વ મળી શકે છે. એટલે કે પરિવારનિયોજન જેવા રાષ્ટ્રીય અભિયાનમાં જે રાજ્યોએ સારી કામગીરી કરી તેઓ જ પરોક્ષ રીતે દંડિત થશે! મહિલાઓના મતદાનમાં પણ ઘણો સુધારો થયો છે. એટલે એ જોવા જેવું છે કે મહિલા સશક્તિકરણના નામે તાજેતરમાં કેન્દ્ર કે રાજ્ય સ્તરે જે કાયદાકીય ફેરફાર આવ્યા છે એમાં મહિલાઓના અધિકાર પ્રત્યેની નિસબત કરતાં રાજકીય લાભ ખાટવાની વૃત્તિ વધારે દેખાય છે. દા.ત. તાજેતરમાં ગુજરાતમાં આવેલા સમાન નાગરિક ધારાની મોટા ભાગની જોગવાઈઓનો ઉદ્દેશ મુસ્લિમ કાનૂનમાં બદલાવ લાવવા જેવો જ દેખાય છે કારણ કે, સંપત્તિમાં સમાન અધિકાર કે છૂટાછેડા પછી ભરણપોષણની જોગવાઈ જેવા સુધારા હિંદુ કોડ બિલ થકી હિંદુ કાયદામાં આવી ચૂક્યા છે. અડચણ એના અસરકારક અમલમાં આવે છે એ માટે શું? આવા સવાલ અનુત્તર જ રહે છે. એટલે એ સવાલ તો રહે કે શું આવા કાયદા સાચા અર્થમાં મહિલાઓને મદદ કરશે? એના અમલકર્તામાં મહિલાઓના હક માટેની પ્રતિબધ્ધતા હશે? મહિલા અધિકારના નામે રજૂ થતાં સુધારામાં મહિલાઓના ગૌણ હોવાના અહેસાસથી સુધારાનો ઉત્સાહ મોળો પડી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# આ ચૂંટણી પછી લોકોને ખરેખર શું મળશે? પંચાયતી રાજ કે અધિકારીઓનું રાજ?

### રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**રાજ્યમાં અત્યારે ચેનલો અને વ્યક્તિગત ચેનલો ચૂંટણીની અવનવી ચર્ચાઓ કરે છે પણ કોઈ એ ચર્ચા કરતું નથી કે આ તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીઓનું ઔચિત્ય રહ્યું છે ખરું?**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થવામાં છે. ગ્રામ પંચાયતની થઇ ગઈ હતી હવે તાલુકા અને જીલ્લા પંચાયતની થવાની છે, સાથે મહાનગર પાલિકા અને નગર પાલિકાની થવાની છે. મતદાન પવિત્ર અને કીમતી છે પણ “બિન હરીફના” નવા કાવતરામાં આ પવિત્ર અધિકાર છીનવાઈ જાય ત્યારે કોઈના પેટનું પાણી હલતું નથી. જોકે ખાનગીકરણ અને ઉદારીકરણના સમય પછી સ્થાનિક સત્તા મંડળોનું ખરેખર મહત્વ કેટલું છે તે અલગ ચર્ચાનો વિષય છે.

કોઈને ત્યાં પુત્ર જન્મ થાય અને તે વધામણીના પેડા વ્હેચાતો હોય ત્યારે આપણે ગમે તેટલા મોટા ભવિષ્ય વેત્તા હોઈએ તો પણ એમ ઓછું કહેવાય કે આ તમારો સુપુત્ર તમારી આબરૂ અને મિલકત બન્નેના ધજાગરા ઉડાવનારો થવાનો છે? બસ આ જ રીતે ચૂંટણીમાં જીતે કે બિનહરીફ જીતે. એ વરઘોડાના ઉમેદવારને એમ થોડું કહેવાય કે ભાઈ, અભિનંદન પણ હવે તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતમાં કે ઈવન નગર પાલિકામાં તું એક સોસાઈટીની ગટર સાફ કરવી શકે એટલો પણ પાવર તારી પાસે નથી!

ભારતના બંધારણમાં સત્તાને ત્રણ સ્તરમાં વહેચવામાં આવી છે. કેન્દ્ર રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે સત્તા મંડળો. બંધારણમાં આ ત્રણેયના કામ અને આ કામ કરવા માટેના આવકના સાધનો નક્કી કરવામાં આવ્યા છે. જેમકે નાણું, સરક્ષણ, લશ્કર જેવા વ્યાપક અસર ધરાવતા કામો કેન્દ્રના હાથમાં, કાયદો વ્યવસ્થા, શિક્ષણ વાહન વ્યવહાર જેવા સામુહિક સેવાના મુદ્દાઓ રાજ્યના હાથમાં અને સફાઈ પ્રાથમિક શિક્ષણ, પાણી વીજળી જેવા રોજીંદા મુદ્દાઓ સ્થાનિક સત્તાઓને સોપાયા છે. એટલે રસ્તા પરની લાઈટ, ગટર, નળમાં પાણી કે પ્રાથમિક શિક્ષણ નગર પાલિકા, મહાનગર પાલિકા કે તાલુકા જીલ્લા પંચાયતનો વિષય છે. હવે જ્યારથી સરકારે ત્રીજા ચોથા વર્ગના કર્મચારીઓ કાંતો ફિક્સ પગારમાં અથવા કોન્ટ્રાક્ટ કે આઉટ સોર્સિંગથી રાખવાનું શરૂ કર્યું છે ત્યારથી આ તમામ બાબતો પર કોન્ટ્રાક્ટો અને મોટા નેતાઓનો કાબૂ આવી ગયો છે. સીટી બસ સેવા કે સરકારી હોસ્પિટલોનો સ્ટાફ કોન્ટ્રાક્ટથી આવે છે એટલે ચૂંટાયેલા નેતાઓ એ સીધું કશું કરવાનું થતું જ નથી. રોડ રસ્તાના પણ કોન્ટ્રાક્ટ છે. હવે તો છેક કેન્દ્રમાંથી જ બધું નક્કી થાય છે ત્યાં રાજ્ય સરકારો પણ કાઈ બોલતી નથી તો તાલુકા પંચાયતના સદસ્ય કાઈ બોલશે અને અધિકારીઓ માનશે? એ માનવું ભૂલ ભરેલું છે.

આપણા લાડીલા વડાપ્રધાન શ્રી જ્યારે જાપાન ગયા હતા ત્યારના સમાચાર જો કોઈને યાદ હોય તો તેમણે જાપાનના એક શહેરના મેયર સાથે કરાર પર હસ્તાક્ષર કાર્ય હતા અને આનાથી ઉલટું કોઈ વિદેશી નેતા ભારત આવે છે કોઈ શહેર કે નગરની કોઈ બાબત માટે કોન્ટ્રાક્ટ કરે છે તો તે સમયે સ્થાનિક મેયર કે મુખ્ય મંત્રી આગળની હરોળમાં પણ હોતા નથી!

રાજ્યમાં અત્યારે ચેનલો અને વ્યક્તિગત ચેનલો ચૂંટણીની અવનવી ચર્ચાઓ કરે છે પણ કોઈ એ ચર્ચા કરતું નથી કે આ તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીઓનું ઔચિત્ય રહ્યું છે ખરું? કોઈ એ સર્વે નથી કરતુ કે ચાલો ચૂંટણી લડતા ઉમેદવારો અને પાર્ટીઓના નેતાઓને પૂછીએ કે તાલુકા અને જીલ્લા પંચાયતની મૂળ કામગીરી શું હોય છે? સ્થાનિક સત્તા સત્તામંડળમાં સત્તા મેળવવા માટેના બે મહત્વના કારણ છે, વિવિધ સેવાઓના કોન્ટ્રાક્ટ લેવા અને જમીનોના સોદા પાડવા. આમાં જમીન તો હવે છેક ઉપરથી નક્કી થાય છે. રહી વાત બજેટ વાપરવાની અને કોન્ટ્રાક્ટના લાભ મેળવવાની બસ તો આ એક જ કારણ છે જેણે લોકો સેવા ગણે છે કે રોજગારીનો, સફાઈનો, ટેન્કરોનો, લાઈટનો, પાર્કિંગમાં પૈસા ઉઘરાવવાનો વગેરેના કોન્ટ્રાક્ટ મળે તો દેશની સેવા કરીએ, બાકી જો ધારાસભ્યો એમ કહેતા હોય કે અધિકારીઓ સાંભળતા નથી તો આ તાલુકા કે જીલ્લા સદસ્યનું તો કોણ સાંભળશે? જીલ્લાનો વડો કલેકટર જ રહેવાનો છે અને તાલુકામાં બધાએ તાલુકા વિકાસ અધિકારી પાસે જ જવાનું છે જેમ ગામડામાં તલાટી!

સમજ્યા તો મત પક્ષને મળશે પણ સત્તામાં ફટાકડા પાર્ટી ફોડશે અને શાસન તો અધિકારીઓ જ કરવાના છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## લીવ-ઈન રિલેશનશિપ : પરંપરા સામે આધુનિકતા

ભારતીય સમાજમાં લગ્ન અંગે જે વ્યવસ્થા છે એના કરતાં જાણે એક જુદા જ પ્રકારની વ્યવસ્થા આવનારા દિવસોમાં ધીમે પગલે આવી રહી હોય એવું લાગે છે. જેના માટે ખાસ કરીને વડીલોએ તૈયાર રહેવું પડશે. યુવાન અને યુવતીઓ હવે લગ્ન પહેલાં પરસ્પર સમજૂતીથી રિલેશનશિપમાં સાથે રહેવાનું પસંદ કરે છે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર લીવ-ઈન રિલેશનશિપમાં પુખ્ત વયનાં છોકરા અને છોકરી લગ્ન કર્યા વિના પણ એમની ઈચ્છાથી પારિવારિક વ્યાવહારિક જીવન જીવી શકે છે. કાયદો ભલે એ માટે સંમતિ આપતો હોય એમ છતાં કોઈ પણ માતા-પિતા પોતાના દીકરો કે દીકરી લગ્ન વિના સાથે રહેતાં હોય તો તેને સાહજિકતાથી સ્વીકારી શકતાં નથી. નાછૂટકે અને નિ:સહાય થઈને વડીલોએ સ્વીકાર કરવો પડે એ અલગ વાત છે. ઘણાં યુવાનો અને યુવતીઓ એવું માને છે કે લગ્ન કરીને દુ:ખી થવા કરતાં લીવ-ઈન રિલેશન એ યોગ્ય વિકલ્પ છે. તાજેતરનાં વર્ષોમાં આ ખ્યાલ ફક્ત મેટ્રો સિટીમાં જ નહીં પરંતુ મિની મેટ્રો સિટીમાં પણ સામાન્ય બનતો જાય છે. લિવ-રિલેશનશિપમાં લગ્ન પહેલાં યુવાન અને યુવતી સાથે રહીને એકબીજાને સમજવા કે ઓળખવા પ્રયત્ન કરે છે પછી ઠીક લાગે તો લગ્નગ્રંથીથી જોડાય છે અથવા નહીં ફાવે તો છૂટાં પડી જાય છે. આ નૂતન ખ્યાલ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નથી.

**નવસારી- ડૉ.જે. એમ. નાયક**

## પ્રસંગોમાં મહેમાનોની પડતી તકલીફ

આપણે ત્યાં વસ્તી વધી તે સાથે શહેર બહારનો વિસ્તાર પણ વિસ્તરતો ગયો. આજે સિટીમાં વસતાં કુટુંબો જરૂરિયાત મુજબ ધીમે ધીમે સ્થળાંતર કરીને સીટી બહાર દશે દિશામાં દૂર દૂર સુધી વસી ગયાં છે. હવે એ લોકોને તકલીફ એ થાય છે કે આપણે ત્યાં કોઈ પણ શુભ કે અશુભ પ્રસંગ હોય ત્યારે આપણે મહેમાનોને આમંત્રિત તો કરીએ છીએ પરંતુ 10 12 km દૂર રહેતો સંબંધી આપણે ત્યાં આવે છે તો તેની પાસે વાહનની સગવડ ના હોય તો રિક્ષાનો ખર્ચ ઉઠાવવો પડે છે. તેમાંય ખાસ કરીને સ્ત્રી કે પુરુષને એક જ વ્યક્તિને આમંત્રણ હોય તો તેને મહેમાનોને ત્યાં પહોંચતાં ખાસો એવો સમય અને ખર્ચ થઈ જતો હોય છે. હમણાં જ એક પ્રસંગમાં મારા જોવામાં આવ્યું કે આમંત્રિત મહેમાનોમાં કેટલાંય એવાં હતાં કે જેવો સિંગલ હતાં, તેમાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી. હવે જમીને તે લોકો રાત્રે પોતાના ઘરે પરત કેવી રીતે પહોંચી શકે? જો આમંત્રિત મહેમાન કોઈ વાહન લાવ્યા ના હોય તો તકલીફ પડે એટલે વિચાર આવે છે કે આપણે ત્યાં પ્રસંગોમાં સિંગલ વ્યક્તિને નહીં પરંતુ બે વ્યક્તિને જ આમંત્રણ આપવું જરૂરી છે જેથી કરીને પતિ પત્ની સાથે કે દીકરા કે વહુના સંગાથે આવી શકે અને જો વાહન ન હોય તો સંગાથે રિક્ષામાં જવા આવવામાં સરળતા રહે.

**સુરત - વિજય તુઈવાલા**

## દેશમાં કયું તંત્ર ભ્રષ્ટાચાર મુક્ત છે?

દેશના રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના ધોરણ આઠના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના ઉલ્લેખથી સુપ્રીમ કોર્ટ ખફા થયું અને કહ્યું કે, આ તો ન્યાયતંત્રને ગોળી મારીને લોહી લુહાણ કરવા જેવી વાત છે અને પાઠ્યપુસ્તકમાં થયેલા આ ઉલ્લેખને ત્વરિત પરત લેવાના આદેશ જારી કર્યા છે. થોડાક પ્રશ્નો ન્યાયતંત્રને પણ પૂછી શકાય એમ છે. થોડાક વખત પર ન્યાયાધીશ યશવંત વર્માના ઘરે આગ લાગવાથી એમાં કરોડોની કરન્સી બળીને ખાખ થઈ ગઈ હતી, એ વખતે ન્યાયતંત્રએ વર્માને પૂછ્યું હતું ખરું કે આટલી બધી નોટ તમારા ઘરે ક્યાંથી અને કેવી રીતે આવી? સમગ્ર દેશ જાણે છે કે ન્યાયતંત્ર પણ ભ્રષ્ટાચાર મુક્ત રહ્યું નથી, ફક્ત એ વાત ન્યાયતંત્રને જ ખબર નથી. ખૂન કરવાવાળા કાયદા કાનૂનની છટકબારીનો લાભ લઈને છૂટી જાય છે પરંતુ ખૂન થયું છે એની સંજ્ઞાન કોર્ટ કેમ લેતું નથી? શું ન્યાયતંત્રના બધાં જ ચુકાદાઓ ન્યાયસંગત હોય છે ખરાં? શું ચૂકાદાઓ લોભ, લાલચ અને દબાણથી પ્રભાવિત નથી હોતાં? 20/25 વર્ષે ચુકાદાઓ આવે એને શું ન્યાય મળ્યો કહેવાય? શું ન્યાય છેવાડાના માણસ સુધી સુલભ અને સસ્તો બન્યો છે ખરો? સામાન્ય માણસ કોર્ટના પગથિયાં ચઢતી વખતે ફફડે છે કેમ? કાયદા અને કાનૂન એક સમાન હોવા છતાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં તફાવત કેમ જોવા મળે છે?

**સુરત - પ્રેમ સુમેસરા**

## સુરતની રાજનીતિમાં સિંધી સમાજનું સ્થાન

સુરતની રાજનીતિ ફરી એક વાર રંગમંચ પર આવી રહી છે અને દરેક પક્ષ જુદા જુદા સમાજના પ્રતિનિધિઓને ટિકિટ આપી, જે તે સમાજને આકર્ષવાનો પ્રયાસ કરે છે. આવી ચૂંટણીઓમાં બેઠકોની સંખ્યા ઘણી હોવાથી ઘણા સમાજોના પ્રતિનિધિઓને ટિકિટ આપી રાજકીય સમીકરણો ગોઠવી શકાય છે, પણ આ શોરગુલ વચ્ચે સિંધી સમાજ હાંસિયે ધકેલાઈ ગયો હોય એવું સ્પષ્ટ લાગે છે. ભાજપમાં સિંધી સમાજના 11 સભ્યોએ પોતાની દાવેદારી નોંધાવી હતી, છતાં એક પણ વ્યક્તિને કોર્પોરેટરની ટિકિટ મળી નથી. આ જ કાર્યકર્તાઓ ઘણી વાર મહેફિલોમાં અલગ સિંધી રાજ્યની માંગણીની ચર્ચાઓ કરે છે–પરંતુ વાસ્તવિક રાજકારણમાં પોતાનું પ્રતિનિધિત્વ મેળવવામાં નિષ્ફળ રહે છે. હવે સવાલ એ છે કે સિંધી સમાજ સાથે થયેલા આ વિશ્વાસઘાત સામે શું સમાજ એકત્ર થઈને કોઈ પગલું લઈ શકશે? કે પછી બધું જેમ ચાલે છે એમ જ ચાલતું રહેશે? વિચારવાનું એ પણ છે કે જે દરવાજા તમારા માટે ક્યારેય ખૂલતા જ નથી, ત્યાં તમે ટકોરા કેટલા સમય સુધી મારશો? હવે સમય આવી ગયો છે નવી દિશા શોધવાનો. કારણ કે જો મત આપણો છે, તો અવાજ પણ આપણો જ હોવો જોઈએ.

**સુરત - ગિરીશ પોપટ**

## પાકિસ્તાન નોબલ પ્રાઈઝનો હકદાર?

જે આખા વિશ્વમાં આતંકવાદી તરીકે પંકાય છે. ભારતને પળે પળે રંજાડે છે. ખાસ તો ભારતમાં નિર્દોષ લોકો તથા નિર્દોષ ભોળા સૈનિકોની નિર્મમ હત્યા કરે છે તથા આપણા સૈનિકોની કાર્યવાહી પર અને હિલચાલ પર સદા જાસૂસી કરે છે એટલે હુમલો કરવાનું સરળ બને અને કાશ્મીરનાં લોકોને ફોડે છે. અહીંથી જ આતંકવાદની પ્રવૃત્તિઓ કરે છે. આપણી સરહદો પર કેમેરા ગોઠવી ત્યાંથી આપણી દેશહિત પરની કાર્યવાહી પર કેમેરામાં કેદ કરી સરહદ પર જાસૂસીને કામ કરે છે. રોટલા માટે ટળવળતાં, મોંઘવારીથી પીડાતાં તથા વાટકા લઈ જે તે દેશ પાસેથી ભીખ માંગતા આ પાકિસ્તાન દેશને વચેટિયા તરીકે લાવી વાટાઘાટ કરવા માટે અમેરિકા તૈયાર થઈ ગયું. શું આ યોગ્ય છે? અમેરિકાએ સમજવું જોઈતું હતું કે પાકિસ્તાન કટ્ટરપંથી દેશ છે. બેઈમાન છે. લાદેનને સંતાડનારો દેશ પણ પાકિસ્તાન છે. આજે પણ દાઉદને સંતાડેલો છે. હાફિઝ, વગેરે આતંકવાદીઓનો આકા છે. આવાને કયા હિસાબે મધ્યસ્થી કરવા માટે તૈયાર (અમેરિકા) થયું? ઈરાનને તો વિશ્વાસ જ નથી અમેરિકા અત્યારે શું બોલે અને પળવારમાં પલટાઈ જાય છે અને પાકિસ્તાન ફૂલાઈ રહ્યું છે કે શાંતિનો નોબલ પ્રાઈઝ અમને મળે. અરે, આને તે અપાય? વિચાર જ કેમ આવ્યો? એની પ્રજા ભૂખે મરે છે અને પડોશી માટે આટો લેવા માટે ફાંફા મારે છે.

**સુરત - જયા રાણા**